શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૮
અંક : ૨

## ફેરોમેન ટ્રેપ

મારી પાસે કુલ ૫ વિઘા પિયતવાળી જમીન છે. અમે કુટુંબમાં કુલ સાત સભ્યો બધા ખેતી સાથે સંકળાયેલા છીએ. ત્રણ બાળકો અભ્યાસ કરે છે. ખેતીમાં મુખ્ય પાક કપાસ, બાજરી, ઘંઉનુ વાવેતર કરુ છું સાથે પશુ પાલક પણ છું. ઉતમ કપાસની ખેતી કાર્યક્રમમાં હું ગ્રુપ લીડર તરીકે જોડાયો. મિટીંગો અને તાલીમોમાં પડતી મુશ્કેલીઓના ઉકેલ મળતા થયા. મે ખેતીમા ઘણા ફેરફારો કર્યા. એરડીનો ખોળ, ટ્રાયકોડર્મા વિરડી, પીએચબી, મેગ્નેશ્યીમ રૂપે ઉપયોગમાં લીધા. એક તાલીમમાં લાઈટ પિંજર, ફેરોમેન ટ્રેપ અને ટી અને વી આકારના લાકડાના ટેકા મુકવાની જાણકારી મળી. આ બધુ ઓછા ખર્ચે થાય છે તો હું પણ પ્રયત્ન કરું અને કદાચ ફાયદો થાય અને મે મારા કપાસમાં પહેલા તો લાઈટ પિજંર મુકયા અને તેનાથી કપાસના પાકમાં ફાયદો થયો પછી મે ફેરોમેન ટ્રેપ લગાવેલ અને આ વર્ષે ગુલાબી ઈયળનો એટેક વધારે જોવા મળેલ છે. પરંતુ મે શરૂઆતથી ફેરોમેન ટ્રેપ લગાવેલ આથી ગુલાબી ઈયળના ફુદા આવી ગયેલ જેથી મારે કપાસમાં ગુલાબી ઈયળનો એટેક પણ ઓછો થયો. ટી અને વી આકારના લાકડા ખોડેલ છે અને તેની ઉપર કાબર, કાળાકોશી અને ચકલા બેસતા હતા જે ફુદા અને ઈયળ ખાઈ જતા આથી રોગનું પ્રમાણ ઓછું જોવા મળેલ છે અને તેના દ્વારા દવાનો છંટકાવ ઓછો થયો છે. કપાસમાં પણ સારૂ એવું ઉત્પાદન મળેલ છે. આમ, મિટીંગ અને તાલીમ દરમ્યાન મળેલ માર્ગદર્શન પ્રમાણે ખેતી કરતાં ઉત્પાદનમાં પણ વધારો થયો  અને ખેતી ખર્ચમાં પણ ઘટાડો જોવા મળેલ છે. આ કાર્યક્રમ દ્વારા ખેડૂતોમાં જાગૃતી આવી છે.

*– હામાભાઈ સામતભાઈ, સનખડા*

### રમુજ એક થેરપી

પતિ (પત્નિને) : જો મને લોટરી લાગે તો તું શું કરે?

પત્નિ : હુ અડધુ ઈનામ લઈને હંમેશ માટે જતી રહુ.

પતિ : બહુ સરસ! મને ૫૦ રૂપિયાની લોટરી લાગી છે. આલે ૨૫ રૂપિયા અને ચાલતી પકડ!!

**એકની મૂર્ખાઈ બીજાનું નસીબ બને છે.**

## શાળા કાર્યક્રમ (ડિસેન્ટ વર્ક)

ટાટા–બીસીઆઈ પ્રોજેકટમાં ઉના ગીર ગઢડા અને ખાંભામાં કુલ ૩૪ ગામ અને ૩૦૦૦ ખેડૂતો ખેતી સાથે જોડાયેલ છે. પ્રોજેકટ ટીમ દ્વારા શાળાના આચાર્ય, સરપંચશ્રી, ગામના આગેવાનો અને શાળા વ્યવસ્થાપન સમિતીના સભ્યો સાથે આયોજન કરી શાળામાં ખેતી અને પર્યાવરણ, બાળ અધિકારો અને બાળમજુરી જેવા વિષયો પર વકૃત્વ સ્પર્ધાઓ યોજી હતી. સૌપ્રથમ જે તે શાળાની પ્રાર્થના સભામાં હાજરી આપી પ્રોજેકટ અંગે જાણકારી આપી શાળા કાર્યક્રમ અને ડીસન્ટ વર્ક વિષે બાળકો શાળા ના સ્ટાફ ગણ તથા વાલીઓ સાથે ચર્ચા કરી હતી. કાયદા મુજબ ૦ થી ૧૮ વર્ષની ઉંમરના બધા બાળકો તેમાં પેટા પ્રકાર તરીકે ૬ થી ૧૪ વર્ષના બાળકોને ફરજીયાત શિક્ષણનો અધિકાર છે. એક પણ પ્રકારનું મજુરી કામ કરી શકે નહી તે કલમ ૧૩૭ની વિગતો તેમજ બાળકોને બંધારણમાં મળેલ હકો મુજબ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને શિક્ષણ તો ખરૂ જ તેના પર સંવાદ સાથે વાડી કે ખેતર પર માતાપિતા અથવા વાલીની દેખરેખ નીચે કામ કરી શકે તેમા પણ કોઈપણ પ્રકારનું જોખમી કામ જેવા કે ઓજારકીય, દવા, ખાતર, નીંદામણ જેવા કામો કરી શકે નહી. બહારથી આવેલા મજુરો અન્ય લોકો વાડીમાં કામ કરવા આવતા હોય અને બાળકો શાળાએ ન જતા હોય અને મજુરી કામ કરતાં હોય તો તેમને શિક્ષણ મેળવવા માટે શાળાએ જતા કરવા. રજા પાડીને કે વેકેશન દરમ્યાન મોટા ભાગે બાળકો ખેતીકામ કરતા હોય છે તો આવુ ન બને તેની કાળજી રાખવી જોઈએ. કારણ કે, રજા પાડનાર વિદ્યાર્થી મોટા ભાગે શાળા બહારનું બાળક બની જાય છે. ઉપરાંત સ્વછતાની બાબતોમાં આપણે બધાએ પોતાની ઘરની શેરીની અને છેલ્લે પુરા ગામની સફાઈ કરવી જોઈએ. જો ન રાખીએ તો રોગચાળો ફેલાય છે. આમ, થતા નુકશાનની ચર્ચા કરવામાં આવી હતી.

ખેતી પર્યાવરણ સાથે જોડાયેલી હોવાથી જે કંઈ વધારે પડતા પાણી, દવા અને ખાતરનો જથ્થો વપરાય રહયો છે બગાડ પણ વધતો જાય છે તેની અસરો કેવી હાનીકારક થઈ રહી છે તેની વિગતો વિવિધ પધ્ધતિઓ દ્વારા સમજાવવામાં આવી હતી.

ઉપર મુજબના મુદાઓને ધ્યાનમાં રાખી તેની સમજ મેળવ્યા બાદ બાળકોએ પોતાના વકતવ્યો વકૃત્વ સ્પર્ધાના વિષયોને ધ્યાનમાં રાખી તૈયાર કરી રજુ કર્યા હતા. શાળાના શિક્ષકો તથા આચાર્યશ્રીઓએ ઉપરોકત તમામ કાર્યક્રમો પર પોતાના મંતવ્યો દર્શાવ્યા હતા. ૧ થી ૪ ના ક્રમે આવેલ બાળકોને ઈનામો ગામની પ્રતિષ્ઠિત વ્યકિતઓ, શિક્ષકો તથા આચાર્યશ્રીઓના વરદ હસ્તે અપાયા હતા. નિર્ણાયક તરીકે વ્યકિત પસંદ કરવા તથા ઈનામ માટે શિક્ષકોની ટીમ દ્વારા કાર્યવાહી થતી હતી. ગાંગડા અને નાથેજની શાળામાં તમામ બાળકોને મારા

**એકવાર અંતરાત્માને વેચ્યા પછી તેને ગમે તે કિંમતે ખરીદી શકાશે નહી.**

તરફથી પેન આપવામાં આવી હતી. મોટા ભાગે બાળકો કરતા બાળાઓ વધારે ભાગ લેતી જણાતી હતી. દરેક બાળકો ખુબ જ સરસ રીતે પોતાનું વકતવ્ય આપતા હતા. કાર્યક્રમનાં અંતે બધા વિદ્યાર્થીને ચોકલેટ પણ આપવામાં આવતી હતી. ગાંગડા ગામની શાળામાં આચાર્યશ્રીએ ૧ થી ૪ ક્રમે આવેલ બાળાઓ અને સ્ટાફ સાથે ફોટો પાડી ડોકયુમેન્ટ બનાવવામાં આવ્યું હતું. દરેક શાળાઓમાં આવી રીતે કાર્યક્રમના અંતે આચાર્યશ્રીઓએ આપણી સંસ્થા તેમજ સ્ટાફનો આભાર વ્યકત કરતા હતા અને અવારનવાર આવા કાર્યક્રમો થાય તેવી આશા આપણી સમક્ષ દર્શાવી હતી.

આમ, કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ ખેતી પર્યાવરણ, બાળ અધિકાર, બાળ મજુરી પર વકતવ્ય આપીને અન્ય બાળકો, શિક્ષકો આવેલ મહેમાનો સમક્ષ આવા વિચારો રજુ કર્યા. આયોજનથી માંડીને કાર્યક્રમમાં હું અને મારી ટીમના સભ્યો વલ્કુભાઈ, દોલુભાઈ, જસુભાઈ, કુલદીપભાઈ, કૌશીકભાઈ બધા સાથે મળીને કાર્યક્રમને અસરકારક બનાવવા પ્રયાસો કર્યા હતા. શાળા માટે, ગામ માટે કંઈપણ ઉપયોગી કામ માટે અમારી સંસ્થાની ટીમ મદદરૂપ બનશે તેવી અમે શિક્ષકો સાથે વાત કરી હતી.

આપણા આ કાર્યક્રમથી પ્રભાવિત નિતલી ગામની બાળાઓ બાળ અધિકાર અને બાળ મજુરી વિશેનું નાટય તૈયાર કરીને ૨૬મી જાન્યુઆરીએ જાહેરમાં રજુ કર્યુ હતુ.

આ ઉપરાંત શાળા પૂરી થયા પછી લાખોમાં એક નબળા બાળકોને પણ હોશીયાર બનાવીને શાળા છોડતા અટકે તે માટે નો એક કાર્યક્રમ પણ કરેલ હતો, જેમાં નીતલી ગામમાં કુલ ૫૮ વિદ્યાર્થી, નગડીયા ગામમાં કુલ ૩૪ વિદ્યાર્થીઓ સાથે સૌ પ્રથમ તપાસણી કીટ દ્વારા બાળકોનુ શિક્ષણ લેવલ જાણીને ગુજરાતી, ગણિતમાં ટેસ્ટ લેવામાં આવી બાદમાં જેનામાં શિખવાની ગતિ ધીમી હતી તેને સરાસરી બાળક સમકક્ષ બનાવવા જેમને આવડતુ હતુ તેવા બાળકોએ જવાબદારી લીધી હતી. તે માટે જે તે ગામમાંથી જ ગ્રુપ લીડર બનાવવામાં આવ્યાં હતાં.

ઉપરોકત બંને ગામમાંથી કુલ ૭ લીડર બનાવવામાં આવ્યા. કાર્યક્રમના અંતે કબડી, ખોખો, સરહદપાર જેવી રમતો રમાડી હતી અને ફરી આવા કાર્યક્રમ થાય તેવી આશા સાથે છુટા પડયા.

આ માસના બાળકોના આ કાર્યક્રમો દ્વારા ખુબ જ શીખવા મળ્યું હતું. જેમા બાળક સાથેનુ વર્તન, વ્યવહાર, શું ધ્યાન રાખવુ તેમના ઘર અને ગામની પરિસ્થિતનુ ધ્યાન રાખવુ અને સૌથી અગત્યનુ એ કે મારામાં જે વકૃત્વ શકિતનો અભાવ હતો એ દૂર થયો સારી રીતે બોલતા નાના—નાના બાળકો પાસેથી જ શીખ્યો છું તે હુ સ્વીકારું છું. કહે છે ને કે બાળક દેશનુ ભવિષ્ય છે, હું તો કહુ છુ કે, "બાળકો સર્વ શ્રેષ્ઠ છે"

**– શૈલેષ માળવી, ધોકડવા**

**મનન કરવું અને કર્મ કરવું એ મનુષ્યોની બે વિશેષ પ્રવૃતિઓ છે.**

## એફપીઓ તાલીમ અને મીટીંગ

તાલીમ સામાન્ય રીતે એક ચાલતી પ્રક્રિયા છે. પરંતુ આ માસમાં સંસ્થાના સંચાલકો, સ્ટાફ, સાથી સંગઠનો તથા લક્ષિત સમૂહ સહિત તમામ સ્તરે વિવિધ તાલીમો થઈ.

દરિયાઈ ખારાશ નિયંત્રણ એકમ દ્વારા ખેડૂતો સાથે ચાલી રહેલા કામની સમીક્ષા તથા આગામી વર્ષના આયોજન માટે કાર્યશાળા યોજાઈ.

બાળકોના શોષણ પર કાર્યકરોની સમજ બને તે તાલીમમાં બે કાર્યકરોએ ભાગ લીધો.

રાજસ્થાનના બાંસવાડાના ખેડૂતો પોતે બનાવી રહેલા સંગઠન માટે સમજ ઉભી કરવા અવિરત તથા ગીર કંપનીની મુલાકાતે આવ્યા. સંસ્થાના નિષ્ણાંતોએ સંગઠન રચના સંબંધી માહિતી આપી હતી.

કપાસની ખરીદી અને વેચાણ સંદર્ભે ઉતમ કપાસના ખેડૂતોના ઉત્પાદનોની પ્રક્રિયા બાબતે આ વિસ્તારના જીનર્સ સાથે બેઠકો થઈ.

ઓરીસ્સાના ખારીયાર મુકામે બેંકર ગ્રામિણ વિકાસ સંસ્થાન દ્વારા યોજાયેલ તાલીમમાં ખેડૂત સંગઠનનો જોડાયા.

કાકીડી મોલી ગામે હેલ્થ કેમ્પ યોજાયો હતો.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલ રોગ અને જીવાત નિયંત્રણ પરની તાલીમમાં સંસ્થાના ૧૧ પ્રતિનિધિઓ સામેલ થયા.

સ્થાનિક સંગઠનોની મજબુતી માટે અમદાવાદ ખાતે યોજાયેલ તાલીમમાં સંસ્થાના ત્રણ કાર્યકરોએ જોડાઈને જે શીખ લીધી તેના આધારે ટીમના અન્ય સભ્યોને તાલીમ આપી હતી. આવતા માસમાં ખેડૂતોને તાલીમ આપવા આયોજન થયું.

ચાલુ નાણાકીય વર્ષમાં ત્રણ કલસ્ટરમાં ખેડૂત ઉત્પાદક સંઘની રચના માટેના સંસ્થા તથા ખેડૂતોના સહિયારા પ્રયાસો સફળ થયા. ગીર ફાર્મસ પ્રોડયુસર કંપની લી., સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની લી. તથા જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની લી.ની સ્થાપના અનુક્રમે ધારી, ઉના અને જાફરાબાદ કલસ્ટરના ખેડૂતોએ કરી. આ ત્રણેય કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સ માટે સંસ્થાકીય વિકાસ અને સંચાલન પર તાલીમ થઈ જેમાં નોંધણી માટે રજુ થયેલા દસ્તાવેજો જેવા કે, મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને આર્ટીકલ્સ ઓફ એસોસીએશનમાં રખાયેલ હોય તેવી તમામ બાબતો કંપની ધારાની જોગવાઈને ધ્યાનમાં રાખી સમજવામાં આવી હતી.

ચેરમેન, ડીરેકટર્સ, શેરહોલ્ડર્સ તથા ચીફ એકઝીકયુટીવ ઓફીસરની ભૂમિકા અને જવાબદારીઓ નોંધણીના દસ્તાવેજો તથા હવે શરુ કરવાની કામગીરીને ધ્યાનમાં લઈ નકકી કરવામાં આવી હતી. આરંભમાં શેર મુડી માટે ઓથોરાઈઝેશન રૂપિયા એક લાખ હોય તે રકમ એકત્ર કરી તેને માર્ચ સુધીમાં પેઈડઅપ કરાવીએ. સભાસદોની પ્રાથમિક માહિતી એકત્ર કરી સામૂહિક વ્યવસાયની તકો શોધવી.

**વીચારોનો ચીરાગ બુઝાઈ જવાથી આચાર અંધ થઈ જાય છે.**

તેવું ડીરેકટર્સ દ્વારા નકકી કરવામાં આવ્યુ. દફતર જાળવણી અને હિસાબો રાખવા માટે ચીફ એકઝીકયુટીવ ઓફીસરને અલગથી તાલીમ કરવામાં આવી છે તેમ છતા તમામ ડીરેકટર્સ પણ આ તમામ બાબતોથી વાકેફ રહે અને દેખરેખ રહે તે માટે શીખ બનાવી હતી. મીટીંગ સંચાલન માટે અધ્યક્ષની પસંદગી તથા કંપનીના અધ્યક્ષની પસંદગી/ચુંટણી પ્રક્રિયા પર ચર્ચા કરવામાં આવી હતી. અધ્યક્ષની લાક્ષણિકતાઓ અને કુશળતાઓ સામાન્ય રીતે સફળ નેતૃત્વમાં જોવા મળતી હોય તે જ પ્રકારની લાક્ષણિકતાઓ અને કુશળતાઓ આપણા પૈકીમાં કોનામાં છે તે ચકાસીને તેને અધ્યક્ષ તરીકે ચુંટવા યોગ્ય ગણાય અને તમામ ડીરેકટર્સ એ રીતે જ પોતાના નેતા ચુંટશે તેમ નકકી થયુ. ડાયરેકટર આઈડેન્ટીફીકેશન નંબર, રીઝર્વ ફંડ, ડીઝીટલ સીગ્નેચર, પેટ્રોનેઝ બોનસ, એકસપર્ટ ડીરેકટર જેવી બાબતે પ્રશ્નોતરી થઈ હતી. જેમાં સંસ્થાની જાણકાર વ્યકિતઓએ તેમની જાણકારી મુજબ સમજ આપી હતી. કામગીરી ચાલતી થશે તે મુજબ અવનવા પડકારો સામે આવશે તેને નીપટાવવા વધુ ક્ષમતા પ્રાપ્ત કરવી પડે તે માટે લગાતાર સંવાદ, બેઠકો અને તાલીમો ચાલતી રહેશે જેથી હાથ ધરેલ આ કાર્યને ગતિમાં લાવી શકાય.

વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૬ દરમ્યાન ખાંભા તાલુકાના ખેડૂતોએ સંગઠન રચના પર લગાતાર ચાર વર્ષ સુધી સતત સંવાદ અને બેઠકો કરી અવિરત એગ્રો પ્રોડયુસર કંપની સ્થપાયેલ જેને ધ્યાનમાં રાખી ઉપરોકત સંગઠનો બન્યા તે ત્રણેય કલસ્ટરના ખેડૂતોની સ્થિતી અલગ અલગ છે. એક વિસ્તાર ગીર ફોરેસ્ટને લાગીને આવેલો છે અને અન્ય બે વિસ્તારો દરિયાકાંઠાના છે તેમાં પણ બંનેમાં ઘણો તફાવત છે.

ઉપરોકત સંગઠનો પૈકી અવિરત કંપનીના ચેરમેન તરીકે સ્થાપના કાળથી સેવા આપી રહેલા શ્રી કનુભાઈ નસીત (ઉમરીયા)એ નિવૃતિ જાહેર કરતા તેમના સ્થાને તાજેતરમાં મળેલી બોર્ડ મીટીંગમાં શ્રી મગનભાઈ કોઠીયા (વાંકીયા) ની ચેરમેન તરીકે નિમણુંક થયેલ છે. આ કંપનીના ચીફ એકઝીકયુટીવ ઓફીસર તરીકે શ્રી સુરેશભાઈ ગોહિલ ફરજ બજાવે છે. ધારી ખાતે રચાયેલી ગીર ફાર્મસ કંપનીની બોર્ડ મીટીંગમાં શ્રી ઓસમાણભાઈ મોગલ (સુખપુર)ની નિમણુંક થયેલ છે. ચીફ એકઝીકયુટીવ ઓફીસર તરીકે શ્રી નિરવ સોલંકીને નિયુકત કરવામાં આવેલ છે. જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની લી.ની બોર્ડ મીટીંગમાં શ્રી ભરતભાઈ ગંગાજળીયા (પીછડી)ની નિમણુંક થયેલ છે. ચીફ એકઝીકયુટીવ ઓફીસર તરીકે શ્રી જયદીપ ધડૂકને નિયુકત કરાયેલ છે. ઉના ગીરગઢડા વિસ્તારમાં બનેલી સોરઠ કંપનીની બોર્ડ મીટીગ ટુંક સમયમાં મળનાર હોય જેમાં હોદેદારોની વરણી થનાર છે.

**એકાંતમાં જાત સાથે વાતો કરવી એટલે પ્રાર્થના.**

## ટકાઉ ખેતી

ખેડૂત મિત્રો ગયા અંકમાં ગુલાબી ઈયળની વિગતે વાતો કરી હતી. આશા રાખુ કે આપને ઉપયોગી સાબિત થઈ હશે પરંતુ એક વાત કરૂ કે કપાસની સાંઠીને વહેલાસર સળગાવી નાખશો. ખેતર કે શેઢા પર ઢગલા કરશો નહી મને વિશ્વાસ છે. આપ આ વાતને ટાળશો નહી.

મિત્રો આ અંકમાં પિયત પધ્ધતીની વાતો કરવી તેવું ગયા અંકમાં કહયું હતું પરંતુ એ વાતો આવતા અંકમાં કરીશું આ અંકમાં જમીન અને પાણી ચકાસણી વિશે વાતો કરીશું જમીન ચકાસણી શા માટે કરવી જોઈએ તે બાબતની સમજ ઉભી કરીએ તો જમીન એ જીવંત છે. જો જીવંત હોય તો તેમા જીવ છે. અને જો જીવ હોય તો તેનું આરોગ્ય બગડી શકે છે. આરોગ્યની તપાસ માટે તેની ચકાસણી કરવી તે પાયાની જરૂરીયાત છે. જે તે પાકને કયુ અને કેટલા પ્રમાણમાં ખાતરની જરૂરીયાત છે. કયો પાક અનુકુળ છે. તેવી બાબતોની ખબર જમીન ચકાસણીના આધારે ખ્યાલ આવી શકે છે. તેમજ પાણીની ગુણવત્તા પણ ચકાસણીના આધારે ખ્યાલ આવી શકે છે. માટે જમીન અને પાણી ચકાસણી કરવી ખેડૂત માટે ખેતીની પહેલી શરત ગણી શકાય.

માટે, મિત્રો જમીન અને પાણીનો નમુનો લેતી વખતે નીચેનીકાળજી લેવામાં આવે તો યોગ્ય પરિણામ આવે તે મુજબ જમીન માવજત કરવામાં આવે તો યોગ્ય પાક ઉત્પાદન મેળવી શકાય.

<u>માટીનો નમુનો</u>

માટીનો નમુનો શેઢા પાળાથી વીસ ફુટ દુર અંદરની બાજુથી લેવો.

પાણીના ધોરીયા કે પાળા પરથી માટીનો નમુનો લેવો નહિ.

પિયત આપેલ જમીનમાથી નમુનો લેવો નહિ.

ખેતરમાં મોટા ઝાડ નીચેથી નમુનો લેવો નહિ.

જે જગ્યા પર રાસાયણીક કે છાણીયા ખાતરના ઢગલા કરતા હોય તે જગ્યા પરથી નમુનો લેવો નહિ.

છાણીયુ ખાતર નાખી દિધેલ હોય તો તેવી જગ્યાએથી નમુનો લેવો નહિ.

નમુનો ઝીક ઝાક પધ્ધતિથી લેવો જોઈએ.

એક વિઘામાથી છ જગ્યા પરથી નમુનો લેવો જોઈએ.

ધારદાર અને લાંબી કોદાળીનો ઉપયોગ કરવો જોઈએ.

કોદાળીનો જમીન પર સીધો ઘા મારી અને તેના પાના પર આવેલી માટી નમૂના માટે લેવી.

ખેતરમાથી એકઠી કરેલી માટીને એક જગ્યાએ ચોરસમાં પાથરવી અને તેના ચાર ભાગ પાડવા બે ભાગ કાઢતા જવા આવું પાંચસો ગ્રામ માટી થાય ત્યાં સુધી કરવું અને આ નમૂનાની માટીને પ્લાસ્ટીકની કોથળીમાં પેક કરી આપવી.

***નમ્રતા વગરનો માણસ પાણી વગરની નદી જેવો છે.***

<u>પાણીનો નમૂનો</u>

પાણીનો નમૂનો લેતી વખતે લેવાની કાળજીઓ: કુવા કે બોરના પાણીની ચકાસણીમા મશીન કે મોટર ચાલું કર્યા બાદ દસ મિનીટ પછી પાણીનો નમૂનો લેવો.

ડોલથી નમૂનો લેવો હોય તો કુવામા ડોલ ઉંડે સુધી જવા દેવી અને મિશ્રણ કરી પાણીનો નમૂનો લેવો.

પાંચસો મીલી લીટર પાણી ચોખ્ખી બોટલમાં ભરી તેના પર નીચે મુજબની વિગતે લેબલ લગાડવું.

ઉપરોકત નમુનાઓ લીધા પછી તે નમુનાને પરીક્ષણ માટે આપીએ તેની સાથે ખેડૂતનું નામ, ગામનું નામ, તાલુકાનું નામ, મોબાઈલ નંબર, ખેતરનું નામ અથવા સર્વે નંબર, પિયત કે બિન પિયત, આ વર્ષમાં ખરીફ રવિમાં લીધેલ પાક તથા હવે પછીના ખરીફ રવિમાં વાવેતર કરવાનું છે તે પાકની વિગતો એક કાપલીમાં લખી નમુના સાથે પેક કરવી.

***– ડી.એન. ઝાલા, ધોકડવા***

## જીવનના સાત પગલા

૧) જન્મ : એક અણમોલ સોગાદ છે, જે ભગવાનની ભેટ છે.

૨) બચપન : મમતાનો દરિયો છે, પ્રેમથી ભરીયો છે, જે ડૂબી શકયો તે તરિયો છે.

૩) તરૂણાવસ્થા : કંઈ વિચારો, કંઈ આશાઓનો પહાડ છે, મેળવવાની અનહદ આશ છે, લૂટવાની તમન્ના છે.

૪) યુવાવસ્થા : બંધ આંખોનું સાહસ છે, જોશ ઝનૂન છે, ફના થવાની ઉમ્મીદો છે, કૂરબાની ની આશાઓ છે, લૂંટાઈ જવાની ખ્વાહિશ છે.

૫) પ્રૌઢાવસ્થા : ખૂદને માટે કંઈ ન કરી શકતાં મેળવીને આપવાની ખૂશી છે,કુટુંબ માટે કુરબાન થવાની જીજ્ઞાશા છે.

૬) ઘડપણ : વિતેલા જીવનનો સરવાળો છે, મારા આપવાનો વહેવાર છે, જેવું વાવ્યું હતું તેવું લણવાનો સમય છે.

૭) મૃત્યુ : પુણ્યનો મર્મ ખૂલશે, કર્મ ધર્મનો હિસાબ થશે, સ્વર્ગ નર્કનો માર્ગ થશે, પોતાનાનો પ્યાર છૂટશે.

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

***સિધ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયું છે.***

**Happy birthday**

Kuldip Dixit 12.03.1992

**In this month**

1 LAMP team meeting

1 2 BSW students for placement

1-3 Partners Meet for annual work plan 2016-17 by CSPC

2 2 MRS students for placement

4 Child Sexual-abuse Meeting Workshop

4-5 Exposure visit to our PC by farmers of Banswara Rajsthan

6 Meeting of Ginners with Mr. Manish Gupta from BCI

7 Training on operation of Producer Company for director

12-14 Training Programme on Formation and Financing of Producer Organization at Khariar in Nuapada District of Odisha

13 SSKK staff team meeting

13 Health camp at Kakidimoli

15-19 Training on IPM at AAU, Anand

15-19 Capacity Building of Institution officer

17-20 Exposur visit by farmes of PU 2 at Talod, Vadrad, Vijapur,Jagudar

22-23 Framework for the one-day discussion with the IPs & both PU

25 GuideStar India Workshop

27 A Visit by Pro-chif for Avirat businessplan.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**દુર્જનની સોબતથી સદાચાર નાશ પામે છે.**